શ્રી ગણેશાયનમઃ

કનક-કેશરી

નાટકનાં ગાયનો.

રચાવી છપાવી પ્રસિદ્ધ કરનાર,

વીઠલદાસ હેમજીભાઈ ભાવનગરવાળા

શ્રી વિજય નૈનમ નાટક સમાજના માલીક.

ઠે. બંદરરોડ પારસી થીએટર. મુ. કરાંચી.

શ્રી માર્તંડ મુદ્રાલય પ્રેસમાં પટેલ. ભીખાભાઈ છગનલાલે

છાપ્યાં. ઠે. રતનપોળમાં મરચીપોળ-અમદાવાદ.

આવૃત્તી ૩ જી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૪ સને ૧૯૧૮

કીંમત ૦-૨-૦

ગુજરાતી કોપીરાઈટ·[illegible]હાર મુંબઈ સરકારની

ગવર્નમેન્ટ લેબોરેટરીમા વિદ્વાન સરકારી ડાકટરે અમારી બનાવેલી **બાદશાહી યાકુતી અનંગ વિલાસની** ગોળીઓ એનાલાઇઝ કરીને તેમાં કોઈપણ જાતની નુકશાનકારક ચીજ નથી એવું સરટીફીકેટ આપેલ છે. અને એ ઉમદા રજવાડી દવા અકસીર હોવાથીજ વિલાયતમાં પાસ થયેલા મોટા ડાકટરો, રાજા મહારાજાઓ, નવાબો તથા દેશી અને અંગ્રેજ ગૃહસ્થો અને મોટા સરકારી અમલદારોમાં પણ બહુ વખણાય છે.

બાદશાહી યાકુતી.

અનંગ વિલાસ.

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્યવીકારના તમામ વ્યાધી મટાડે છે. અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે. ખરી મરદાઇ આપનાર અને નબલા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર. આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઈપણ જાતની પરેજીની જરૂર નથી ૪૦ ગોળીની ડબી એકના રૂપીયા ૧૦)

બાદશાહી યુનાની લેપ.

ઉમદા દવાઓમાંથી આ લેપ બનાવેલ છે; અને તે નસોને પુરતી તાકાત આપે છે. ખરૂં પુરૂષાતન લાવવા માટે આ લેપ ફતેહમંદ ઇલાજ છે. આંઉસ એકની ડબીના રૂપીઆ ચાર તમામ દવાઓનું પોરટ ખર્ચ જુદું.

ડાકટર કાલીદાસ મોતીરામ—રાજકોટ-કાઠીયાવાડ.

श्री हरि ॐ परब्रह्म परमात्मने नमः

કનક-કેશરી નાટકનો

ટુંક સાર.

અંક ૧ લો.

પ્રારંભ પ્રાર્થના.

પ્ર૦ ૧ લો રાજ દરબાર—રાજ્યા રોહણના શુભ પ્રસંગ પર આવા વિશાળ રાજ્યના રાજા બનાવવા સંબંધી રાજા કનકસીંહ તથા કુમાર વિગેરેની પ્રભુ પ્રાર્થના યુવરાજ કનકસીંહના રાજ્યા રોહણનો આનંદ,—પિતાને પગલે પગલે ચાલી પ્રજાને પુર્ણ સુખશાન્તિથી સાચવવા સંબંધી રાજ્યારૂઢ રાજાનાં પ્રતિજ્ઞા વચન રાજાપ્રજાની ઐક્યતાનું દિગ્દર્શન, મુખ્ય મંત્રી કૌટિલ્યસીંહ, અને મુખ્ય સરદાર કલ્યાણસીંહ વચ્ચે "દરબાર ભરવાના ધારા" સંબંધી વિવેચન નાયકાઓનાં નૃત્યગાન રાજા પ્રધાન વચ્ચે ઉપજેલું વૈરનું ઝનુન પ્રિયતમની પધરામણી પર રાણી ભાનુમતિના વિરહોદ્‌ગાર પ્રિયતમ પ્રિયતમા વચ્ચેના પ્રબળ પ્રેમોદ્‌ગાર.

પ્રવેશ ૨ જો ચપલાનું મકાન— વિધવાપણાની વિપત્તિથી કંટાળતી અને સરખી વયની સૌભાગ્યવતિ સુંદરી યુવતિઓનાં સુખભોગ ભાળી સંતાપ પામતી ચપલાના અંતઃકરણના બળાપાના ઉદ્‌ગાર ઉંધી કેળવણી લઇ "પોથીમાંના રીંગણાં" જેવા પંડીત બનેલા નકલી સુધારાના સાથી અને ચપલા પર આશક થએલા શીલલજ્જનું આવવું, પોતાની પંડિતાઈ અને

પ્રત્યાઘાતનું ગોટાળા ભર્યું ગાઢું ગભરાટનું, અને યોગ્યવયે આવેલી કુંતલાના વરની શોધ કરવાનો નિશ્ચય કરીને જવું–

પ્રવેશ ૩ જો કેશરી ભુવન—નાયકાઓના નાચરંગ સાથે શરાબીતાનમાં ગુલતાન બનેલા, અને કૌટિલ્યતાના ભોગ થએલા કેશરીસીંહના પોતાના મોટા ભાઇ કનકસીંહ પ્રત્યેના કુટિલ ઉદ્દગાર મહારાજ કનકસીંહનો પત્ર લઇ કુસુમપુરથી મન્દા દાસીનું આગમન પત્રપાઠ કરતાંજ કેશરી ક્રોધાયમાન–મન્દા પર અત્યાચાર રાણી ભાગીરથીને હાથે મન્દાનો બચાવ સાધ્વી ભાગીરથીના સ્વસ્વામિ પ્રત્યે કુટુંબકલહ નહિં આદરવાના આવશ્યકિય ઉદ્દગાર કેશરીએ તેનો કરેલો તિરસ્કાર અને અવશ્ય યુદ્ધ આરંભવાનો નિર્ધાર.

પ્રવેશ ૪ કૌટિલ્ય ભુવન—મહારાજ કનકસીંહે કરેલા અપમાનનો લાભ પ્રતિશોધ લેવા સંબંધી કૌટિલ્યસીંહના કૌટિલ્ય ઉદગાર, કળાવતીના સાહેલીઓ સંગે વાણી વિનોદ, સમ વયસ્કા સખીઓની ઠંડી ઠ્હોલી, કુમાર કુસુમસીંહ અને કલાવતીનું પ્રણય મિલન–તથા ઉભયે એક્રી સાથે નિરધારેલું સમર ભુમિનું ગમન.

પ્રવેશ ૫ મો ચપલાગૃહ—કુંતલા–કિશોરનો માર્મિક પ્રણય વિનોદ અને અરસપરસ એક બીજા સાથે પરણવાની લીધેલી પ્રતિજ્ઞા, સિંહલજીનું આગમન, કાપટ્યમુર્તિ કુંતલાનું વિલક્ષણ વર્તન અને કુંતલાને નિહાળી સિંહલજીના અંતઃકરનું થએલું પરિવર્તન ચપલા સાથે કુંતલાના વર સંબંધી વિવેચન. સીંહલજીની મુર્ખાઇ પર ચપલાને થએલો ક્રોધ,–ઉભય વચ્ચે ઉપજેલો વિરોધ—

પ્રવેશ ૬ ઠો સમ-ભુમિ—કનકસીંહની યુદ્ધ શિબિર–રણભુમીમાં અજાણથી આવી પહોંચેલા કળા–કુસુમના રજપૂત જાતિ સંબંધીના અસરકારક–ઉદગાર–કેશરી અને કનકનો સમરસ્થલમાં ભેટો,–" ભાઇ ભાઇ વચ્ચે બાબદ યુદ્ધ આરંભી નાહક નિર્દોષ યોદ્ધાઓનાં રૂધિરો નહિ રેલાવવા

સંબંધી" રાજા કનકસીંહના કેશરીસીંહ પ્રત્યે—

"ધીક્કાર લાખોવાર એ અન્યાયના સંગ્રામ છે,
લક્ષણ નહિ એ ક્ષત્રિનાં પણ નીચ નરનાં કામ છે,
ક્ષત્રિ કુલ ગૌરવ ત્યજી નવ અસત પંથે ચાલવું,
કરી કીર્તિ અથવા વીરતા કાં સ્વર્ગમાં અંતે જવું."

વગેરે વગેરે બોધ વચન, કેશરીએ તેનો અસ્વીકાર કરવાથી જામેલો ભીષણ સમરાનલ, એ વક્ત કૌટિલ્યસિંહે શિબિરમાં લગાડેલો દાવાનલ, કટાકટીના કારી સમયમાં રાણી ભાનુમતિ તથા બાળક કુમારને લઈ રક્ષણાર્થે કલ્યાણસીંહનું પ્રયાણ, અધર્મ યુધ્ધે કેશરીનો વિજય— ટેબ્લો.

અંક ત્રીજો સમાપ્ત.

અંક ૨ જો

પ્રવેશ ૧ લો અરણ્ય—અધર્મ યુદ્ધથી જય પામેલા કેશરીસિંહનું સ્વ સૈન્ય સહ નીકળવું અને કનકસિંહને જીવતો યા મુએલો પણ પોતાના સમક્ષ રજુ કરવા કૌટિલ્યસિંહને રવાના કરી, પોતે કુસુમપુરમાં સ્વસત્તા સ્થાપનાર્થે જવું.

પ્રવેશ ૨ જો—સળગેલી શિબિરમાંથી ભાનુમતિ વિગેરેને સહીસલામત લઈ ગુપ્ત સ્થાનમાં કલ્યાણસિંહનું આગમન, રાણીનું આક્રંદ; કુમાર કુસુમને શોધતા બ્હાવરા બનેલા રાજા કનકસિંહનું પણ આગમન, કુમારને શોધી નિર્ભય સ્થાને મુકવા માટે વીર કલ્યાણસિંહનું પ્રયાણ, અને વિધી કૃતિને માન આપતા મહારાજ કનકસિંહનું રાણીને આશ્વાસન અને ગુફા પ્રત્યે ગમન. બાદ તેમની શોધ કરતાં કૌટિલ્યસિંહનું આવાગમન, તે દરમ્યાન કુમારને સુરક્ષિત કરી વીર કલ્યાસિંહનું પણ અત્રે પ્રત્યાગમન. સૈન્ય સાથે કૌટિલ્યને આવેલો જોઈ કલ્યાણસિંહને ઉપજેલું ક્રોધવર્ષણ, કૌટિલ્ય અને

કલ્યાણ વચ્ચે વિતંડાવાદ. વફાદાર વીર કલ્યાણની અલૌકીક વફાદારી. અને કૌટિલ્યની ધારણામાં તેણે પહોંચાડેલી ભયંકર ખુવારી. ટેબલો.

પ્રવેશ ૩ જો ચક્રમસિંહની ઓફીસ—કુંદનપુરના એકટિંગ નાયબ દીવાન ચક્રમસિંહને ત્યાં સિંહલજીએ ચપલા પરના પોતાના લેણાની માંડેલી ફરીયાદ, ચક્રમ અને સિંહલજી વચ્ચેનો વિતંડાવાદ, ચપલાના ચપલ ચક્ષુ બાણથી ચક્રમ બેન્નના ચક્રમસિંહની બુદ્ધી બરબાદ અને બીજી મુદત પર મુલતવી રાખેલી સિંહલજીની ફરીયાદ.

પ્રવેશ ૪ થો અરણ્ય—બાલક કુમાર કીર્તિસિંહ સાથે અરણ્યમાં ભુલી પડેલી નન્દા દાસી આક્રંદ કરે છે. તે દરમ્યાન કેસરીસીંહ સૈન્ય સાથે ત્યાં આવી તેની પાસે પ્યારની માગણી કરે છે. અને કનકસીંહનો પક્ષ તજી પોતાના પક્ષમાં આવવા અનેક પ્રકારે સમજાવે છે. નન્દા એકની બે ન થવાથી તેને કેદ કરી લઈ જાય છે.

પ્રવેશ ૫ મો અરણ્ય—વનઘોર અરણ્યમાં ગહમ્યુત થએલાં, રાજા, રાણી, કર્મની બુરી કહાણી, રાજ્યગાથી કલ્યાણસીંહનું રાણી સાથે કોઈ નીર્ભય સ્થાનમાં પ્રસ્થાન-કેસરીનું બાઇને શોધતાં શોધતાં આગમન-બન્ને બાઇનું પુનર્મિલન ઉભય વચ્ચે અસર કારક સંવાદ-બાદ ભીષણ રણ સંગ્રામ દરમ્યાન દીલાની સ્થિતિમાં ભાનુમતીનું આગમન-ભાભી દીયર વચ્ચે પુનઃભયંકર સંગ્રામ બાદ બાનુથી કુમાર કુસુમસીંહનું માતાની મદદે આગમન-કુસુમદ્વારા કેશરી, અને કૌટલ્યદ્વારા કુસુમ ઘાયલ. ટેબલો

પ્રવેશ ૬ ઠો—કોરટે ચડેલા સીંહલજીનુ એક વખત ઘરમેળે ચપલા સાથે સમાધાન કરવા માટે ચપલા ગ્રહે આગમન-કુતલા-કિશોરના પ્રણય મીલનનો નાટય પ્રયોગ-અને કિશોરે સજેલો અજાર ગુલાબવાળાનો સ્વાંગ. પ્રિયા-પોપટનો આંતરિક ઉમંગ-સીંહલજીની મુર્ખાઇનો પુનઃ જામેલો રંગ-ઢંગ, ફરીથી સીંહલ, ચપલા વચ્ચે જાગેલો જંગ.

પ્રવેશ ૭ મો **વિરામપુરમાં કલ્યાણસીંહનું મકાન**—આરણ્યતાની મદદે જતાં જખમી થએલા કુમાર કુસુમસીંહને આરામ માટે કળાવતી પોતાના ગુપ્ત નીવાસમાં સોંપી કલ્યાણસીંહનું પુનઃ પોતાના રાજા રાણીની સેવા માટે અરણ્યપંથે પ્રયાણ—કુમારસીંહની પિતૃભક્તીનું અલૌકીક પીછાણ, પ્રણયી પ્રણયીનીના પવિત્ર પ્રેમની પરસ્પર લ્હાણ, બાદ ક્રુર કૌટીલ્યસીંહનું અચાનક આગમન, કુસુમકળાનાં વીરત્વ વચન પીતા પુત્રી વચ્ચે ભયંકર યુદ્ધ અંતે એ પ્રેમી પંખીને ક્રુર કેશરી આવી પહોંચતાં થએલું બેહામ ભાન. ટેબલો.

અંક બીજો સમાપ્ત.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો **અરણ્ય**—ઘનઘોર અરણ્યમાં રાણી ભાનુમતિના હૃદયભેદક વીલાપ—રાજા કનકસીંહ અને રાણી બન્ને બેભાન, રાજા રાણીની એ ભીષણ પરીસ્થીતી પર વીર કલ્યાણસીંહનો કરૂણામય પોકાર—અને,

"દશાના દોર દારૂણ દુર્દશાએ દુઃખનો દરીયો,
કસોટી કાજ કર્મ ભુમીમહીં શ્રી શંભુએ ભરીયો,
કંઈ આનંદ મંગલને કંઇ વરશાદ અશ્રુનો,
હસે છે કોક વ્યક્તી ત્યાં રડે છે કોઈ વ્યક્તીઓઃ—"

દશાના દારૂણ દોર સંબંધી અસરકારક ઉદગાર—સીપાઈ દ્વારા કુસુમ-કળા કેદ થયાના મળેલા સમાચાર, બાદ રાણીને નીર્ભય સ્થાનમાં સેવા સુશ્રુષા માટે કલ્યાણ લઇ જાય છે. તે દરમ્યાને બેભાન થએલા રાજા કનકસીંહના હાથમાંથી હથીઆર છીનવી લઈ કૌટિલ્યસીંહ તથા ક્રુરસીંહ કુટીલતાથી તેને કેદ કરી લઇ જાયછે.

પ્રવેશ ૨ જો—નાયબ દીવાન ચક્રમસીંહની ઓફીસ—ઓ-
સના કારકુનોથી કંટાળેલા નાયબ દીવાન ચક્રમસીંહનું પટાવાળા પર
રમખાણ–શરાબીતાનમાં ગુલતાન–નાયકાઓ સાથે નચાવેલાં નાચગાન, ચ-
પલાએ આવી ચલાવેલાં ચપલ ચક્ષુબાણ સીંહલજીના કેસનું ઘમસાણ
અને આખરે સીંહલ-ચપલાના કરેલા હસ્તમેળાપનું કોરસપાણ–"

પ્રવેશ ૩ જો કેશરી ભુવન—કરેલાં કોટી ક્રુર કાર્યોથી કૌટિલ્યને થતો
આંતરીક પશ્ચાતાપ, કેશરીએ તેને કરેલી કેદ, કુસુમ કુમારને કેશરીના હુક-
મથી દેહાંત દંડની સજા, કલાવતી અને ચન્દા દાસીને દેહાંત દંડની સજા
તથા ન્હાના કુમાર કીર્તિસીંહને પૃથ્વી પર પટકાવી મારતાં ભાગીરથી
રાણીએ કરેલો બચાવ— ટેબલો.

પ્રવેશ ૪ થો જંગલ—સીપાઇઓ કુસુમ કુમારને મારવા જાય છે તે દર-
મ્યાન સાધુના લીબાસમાં વીર કલ્યાણસીંહ આવી પહોંચી ઉપદેશના
પ્રચંડ મારથી તેમની મતી ફેરવી નાખે છે. સેતાનોનું સાધુઓના રૂપમાં
પરીવર્તન થાય છે.

હજુરોનાં ગળાં રેંસી, પ્રપંચી પેચમાં પેસી,
કતલ નીર્દોષની કરવી, બળી એ નોકરી કરવી.—૧
ત્યજીદઈ પ્રાણની પરવા, કદી જઇએ અમે મરવા,
છતાં માલીક બે પરવા, બળી એ નોકરી કરવી.—૨
કરી પ્રાણ હુતી કરીએ, કદર જ્યાં થાય ના કંઇએ,
નીરંતર રોદણાં રડીએ, બળી એ નોકરી કરવી.—૩
પરાધીન પીંજરે પડીએ, પરીણામે રડી રહીએ,
ખુની થઈ વિશ્વે વીચરીએ, બળી એ નોકરી કરવી.—૪

વગેરે શબ્દોથી એવી અત્યાચારની નોકરી નહિ કરવા સખ્ત પ્રતીજ્ઞા લે છે
કલ્યાણસીંહ તેઓને તથા કુમારને લઈ પોતાના ગુપ્ત સ્થાનમાં જાય છે.
બાદ કલા તથા ચન્દાને લઈ મારાઓ મારવા આવે છે દીવાની બની

ગતા પુત્રને શોધતી ભાનુમતીને ક્રન્દાનો વીલાપ થાય છે. મારાઓને તેઓ કરગરે છે છતાં ક્રુર હૃદયમાં દયા ન આવતાં તેઓ કૃપાણ ચલાવે છે તેટલામાં શ્રીમતી ભાગીરથી આવી સર્વેને બચાવી લઈ જાય છે.

પ્રવેશ ૫ મો જેલખાનું—ઉન્મત દિવાની દશામાં જેલખાનામાં કનકસીંહ ! દશા અને સમયની બલીહારી સંબંધી તેના સજ્જડ ઉદગાર, કેશરીના પદ સંસાર,—કનક-કેશરી વચ્ચેનો અંતીમ સંવાદ, કેશરી કનકને પોતાનું મસ્તક નમાવી શરણ થવા ફરજ પાડે છે. ત્યારે કનકસીંહ—"એક અવીનાશી સીવાય અન્ય કોઈને કનકસીંહનું મસ્તક નમશેજ નહી" એવો જવાબ વાળે છે. જેથી ગુસ્સે થઈ કેશરી તેને એકદમ કતલ કરવાના ક્રુરસીંહને હુકમ કરે છે દરમ્યાન કુસુમ-કલ્યાણસીંહ વગેરે આવી પહોંચી કેશરી સાથે યુદ્ધ કરીને તેને કેદ કરે છે. ટેબલો.

પ્રવેશ ૬ ઠો ચપલાનું મકાન—કીશોરની રાહ જોતી કુંતલાના વિરહોદગાર કીશોર-કુંતલાનો સુખદ પ્રણય મીલાપ—ગપગેઝટ વાંચતાં વાંચતાં સીંહલજીનું આગમન તે દ્વારા પિતાના મરણનું કીશોરને પીછાણ—પીતા પાછળ પ્રાણ વીસર્જન કરતો કીશોર અને કીશોર પાછળ પ્રાણાર્પણ કરતી કુંતલાને જોઈ ચપલાને થએલી ગભરામણ—ચબરાક સીંહલજી એક યુક્તિ અજમાવી, કીશોર-કુંતલાના પ્રાણ બચાવે છે. અને ઉભયના હસ્તમીલાપ સાથે સીંહલજીનું "ઇતિશ્રી નાટ્ય પુરાણ...નું પારાયણ સમાપ્ત થાય છે.

પ્રવેશ ૭ મો રાજદરબાર—કુમાર કુસુમસીંહને રાજ્યાસનપર બેસાડી પ્રજાજનોને રાજા પ્રજાની ફરજ સમજાવી, આ અસાર સંસારથી કંટાળેલો કનકસીંહ સન્યાસ લઈ જવા નીકળે છે. કુસુમ કુમાર કેદીઓનો ન્યાય થતાં સુધી તેને રોકે છે પીતાની હાજરીમાં કુસુમ કેદીઓનો ન્યાય કરે છે. કૌટીલ્યસીંહને દેહાંત દંડની સજા ફરમાવવામાં આવતાં તેના અંતઃકરણના અપાર પશ્ચાત્તાપના શબ્દો સાથે કળાવતી રજુ થાય છે અને પ્રાણેશને વીનવી પીતાની સજાની ક્ષમા અપાવે છે. બાદ કેશરીને [illegible]

જની સજા ફરમાવતાં તે અહંકારી રાજા કટાર ખાઈ આત્મઘાત કરી મરવા તૈયાર થાય છે દરમ્યાન તેના પીતા—મહારાજા હીરણ્ય બાહુનું રૂહ અંતરિક્ષે જણાતાં તેના પ્રભાવે કેશરીને પોતાનાં કૃત કાર્યોનું ભાન થવાથી અપાર પશ્ચાત્તાપ સાથે પિતાની અસદગતી ટાળવા માટે કુમાર કીરતિસીંહને પોતાની કુંદનપુરની ગાદી સોંપી મોટા ભાઈ કનકસીંહ સાથે નૈમિષારણ્યમાં તપ આરંભવા નિશ્ચય કરે છે. દરમ્યાન ભાગીરથી, ભાનુમતિ તથા કુમાર કીરતીસીંહ અને વન્દાદાસી સાથે હાજર થાય છે તેમને જોઈ સર્વના અંતરમાં હર્ષ થાય છે બાદ પ્રધાન કૌટિલ્યસીંહ પણ ભવીષ્યનું જીવન પ્રભુ ભક્તીમાં ગાળવાની ઇચ્છાથી કુસુમ કુમારના હસ્તમાં કુમારી કળાવતીનો હસ્ત સોંપી વનવાસી સંન્યાસી થવા તૈયાર થાય છે. કલ્યાણસીંહને તેની સેવાની કદર કરી મુખ્ય પ્રધાનપદ—તથા વન્દાના વંશજોને રાજ તિલકની સત્તા સોંપવા સાથે કુસુમ કળાના હસ્ત મેળાપ સાથે અમારા આ નાટ્ય પ્રયોગની સમાપ્તિ થાય છે.

ૐ શાંતિ ।।   ૐ શાંતિ ।।

કનક-કેશરી નાટકનાં મુખ્ય પાત્રો.

પુરૂષ પાત્રો.

કનકસિંહ......કુસુમપુરના ચક્રવર્તિ મહારાજા.

કુસુમસિંહ કનકસિંહની જુની રાણીનો કુમાર; કુસુમપુરનો યુવરાજ.

કીર્તિસિંહ......કનકસિંહની નવી રાણીનો કુમાર.

કેશરીસિંહ......કુંદનપુરનો રાજા, કનકસિંહનો સગો ભાઇ.

કૌટિલ્યસિંહ.....કુસુમપુરનો મુખ્ય મંત્રી.

કલ્યાણસિંહ....કનકસિંહનો વફાદાર સરદાર.

ક્રુરસિંહ.......કુંદનપુરનો પ્રધાન.

કિશોર.........ક્રુરસિંહનો પુત્ર.

ચક્રમસિંહ.....કુંદનપુરનો એકટીંગ નાયબ દીવાન.

સીંહલજી.....કુંદનપુરનો નિવાસી, એક પૈસાદાર ખવાસ અવળા કેળવણીથી બનેલો નકલી સુધારાનો સાથી પાછળથી ચપલાનો થએલો પતિ.

તદુપરાંત—દરબારીઓ સીપાઇઓ મારાઓ વિગેરે.

સ્ત્રી પાત્રો.

ભાનુમતિ...કનકસિંહની નવી રાણી, કુમાર કીર્તિસિંહની સગી માતા.

ભાગીરથી...કેશરીસિંહની રાણી.

કળાવતી....કૌટિલ્યસિંહની કુમારી, અને કુસુમકુમારની પ્રણયિની

ચપલા...... એક વિધવા ખવાસણ, પાછળથી બનેલી સિંહલજીની સ્ત્રી

કુંતલા......ચપલાની વિદુષી કન્યા.

તદુપરાંત—સાહેલીઓ કંચનીઓ નાયકાઓ વિગેરે.

સ્થળ:—કુસુમપુર, કુંદનપુર, વિરામપુર નૈમિષારણ્ય અને તેની નિકટનો પ્રદેશ.

કનક-કેશરી નાટકનાં ગાયનો

નાન્દી—મંગળાચરણ.

આળાઓ— ૧

વંદું વિમળ વિશ્વારામ
જયશ્રીરામ, જયલલામ, રાજીવરામ પરશુરામ
ન્યારી ન્યારી કૃતિ નીરખી શ્યામ......વંદુ૦
નભ, નગ, નદ, નક્ષત્ર નામ
વિશ્વ વારિધિ વિમળ ધામ
અજર અમર હર જગધર હર હર પ્યારા અભિરામ...વંદુ૦

કંચનીઓ— ૨

નીરે નીધપમ પધગમ પરે ગરે રેગ પધનીમ
પધગમ પરે ગરે નીસા.. ......
સાનીધનીરે સાનીધનીરે ગપરે ગપ
ધનીધપગરે સાનીસા
તનન તનન દીમ નાદીર દીર દીમ દીમ નત નત નન તન
દારે દારે દીમધે તનનનધે તન અલી લીલીમ
કીર્તિ કમલ પ્રફુલ્લ રહો યાવચ્ચંદ્ર દીવા કરૌ.
નેક ટેક નૃપવર શક્તિ દિન પ્રતિદિન દ્વિગુણીહો
ગેતીર કીટ તકતા કતાં ગેગે દીન નગ ધેતા ગીન તરાનધા
દીના કીટીત ગેતીર કીટતક તકીટધા—(૨)

ભાનુમતિ—　　　　૩

પિયુજી પ્રાણ પ્યારા પધાર્યા પ્રેમાળ
અંતરના લાલ રસિક રસીયા રસાળ.....પિયુજી૦
વસંત વિશ્યે વ્હાલા વિરહી વિહરીયા
આવો હૈયાના હેતે હિંચોળું હું લાલ...પિયુજી૦
કથની વિરની કહું કંઇ વરણવી
પ્રણમું પાયે પડું પ્રિતમજી લાલ........પિયુજી૦

કનક ભાનુ—　　　　૪

કનક-“ રાણી તું મ્હારી છે પ્યારી સુખકારી સન્નારી
ગોરી ગુણરાણી ગુલજાર
ભાનુ-“ છોડોજી હાથ મુજ સાથ તજો એવી વાત
બીજીને બતાવો પ્યાર-”...રાણી૦
કનક-“ ના રીસાવો રાણી આવો ”
ભાનુ-“ દુર જાઓ ના સતાવો. ”
કનક-“ રાણી સુજાણ માનિની માન ”
ભાનુ-“ જી ન જાવો........રાણી૦
ભાનુ-“ જાઓ જીવન મન મુઝાયે
છોડી દો ચમકાશે બાંયે ”
કનક-“ જાઓ જીવન મન મુંઝાયે
તો ન પડશો ફરીથી પાયે. ”
ભાનુ-“ ના જાઓ જીઆવો, રીઝાવો મનાવો
આતમદારા દીલદાર ”.....રાણી૦

ચપલા— ૫

હાંરે કોને કહેવી વિધવાની આવી વિપત્તિ
વિધવાની વિપત્તિ વિધવાને વિતતી.....હાંરે કોને૦
વિધવા વનિતા વિહારી વિનાની
સ્વામી વિનાની બળી જીંદગાની......હાંરે કોને૦
સંસારનાં સુખ વૈભવ સંપત્તિ
વિધવા સ્ત્રીને મન હોળી સળગતી..... હાંરે કોને૦

ચપલા— ૬

" ચિત્ત ચોર છો ચકોર સગુણાજી શામળા
લટકાળાજી વાહ લહેરી લાલાજી વાહ
કરી કુંતલાનું કામ વ્હેલા વળજો વિરામ "

સિંહલજી—" રસીલી રામા ભોળી ભામા કારી કટાક્ષની તેં
મારી કટરીયાં, અહા પ્યારી મારી કટરીયાં

કંચનીઓ— ૭

શરાબે અરગવાનીસે પયાપય જામ ભર ભરદે
તેરે કુરબાન અયસાકીં નશેમેં મસ્ત કર કરદે
પીલાકર મય ભુલા દેતા હય દીલસે ગમદો આલમ કે
તેરે કદમો પેંસાકીરંદ કયું કર સરન ધર ધરદે
શરાબે નાબકી તારીફ કયા હે હમસે અયકામીલ
મીટાકર જો ગમીકો શાદ ગાની દીલમેં ભર ભરદે

કેશરી— ૮

સમશેરો ચમકાવી શત્રુને હંફાવી જીતી સંગ્રામ
ક્ષણ ભરમાં રણ સ્થળમાં અરિદળમાં સર્વેના મુકાવી માન

શત્રુ દળને જઈ સધ નમાવો જાલીમ જુલ્મ જમાવો જમાવો
બહાદુરી બળને બતલાવો પુરી કરી ખુવારી
સૃષ્ટિ આ સારી પ્રજાની ભારી જીતો સંગ્રામ

કળાવતી— ૯

મનહર મુદભર મધુરી મીટ માંડી નેત્ર ત્રાસ્યાં
પ્રિય પ્રાણ તોય ન આવ્યાં
વિરહી વિપલ પણ જુગ સમ જાયે
અંતર પ્રિય વીણ અતિ ગભરાયે
તનમાં મનમાં લાગી લાહ્ય પ્રજળે કાયા......પિયુ૦
શરદ ચંદ્રિકા સુહાય શુભ્ર કેવી ખીલી
વળી વનવાટિકામાં વૃક્ષલતા કેવી ખીલી
કળી કુમળી કુસુમની કાન્તિવાળી કેવી ખીલી
મૃદુ યૌવનની બહાર મ્હારી તેવી ખીલી
—વિરહી વિપલ૦—

કળાને સાહેલીઓ— ૧૦

સા–" વાહ વાહ નાનકડી નાજુક નાર
શરમાતી ના ચાલી આ સાહેલી "
ક–" જાઓ સતાવો નહિં નાહક બનાવો
જાણી જાણી ટળો અહિંથી વ્હેલી "
સા–" આવે રસીક વર જો અલબેલી
મીટ માંડી રહી જયાં મદઘેલી "
ક–" પત્થર પ્રતિમા સમી જણાઓ
નાહક શાને મ્હને બનાવે "

સા–" જાણી રંગીલી રસીલી છબીલી "
કુ–" વૃથા શાને બનાવો શરમીલી ".....વાહ વાહ૦

કુસુમ— ૧૧

પ્રાણથી પ્યારી, સરલસારી, મૃદુમુરલી,
જીગરે જડી ગઇ, જડી ગઇ હાં—"

કળા–"અલબેલા આંમ આવો, રસીલાજી રીઝાવો
મીઠો અણમોલી મીલાવો, ઉર્મિ અંતરની છલકાવો
સ્વાતિક જળ વિણ ચાતક જયમ હું તલપું છું
પ્રિય પ્રાણ વિના— "

કુ૦—" કુરબાન સદા નિજ પ્રાણ કરે,
પ્રણયિ પ્રણયિની પરેજ મરે "

કુંતલા— ૧૨

જંગ જોબનનો જાલીમ જમાવું હું
મન મોહનને માનથી મનાવું હું
પ્યારા પંખીજી પ્રેમ પિંજરે પુરી દઉં.
મારી નયન બાણ એ અજાણ્યાને વિંધી દઉં
ઝુલું હું ઝુલાવું ડોલાવું યૌવનનો બ્હાર હું—જંગ૦

કુંતલા— ૧૩

મળજો જરૂર માણીશું મોહન મારા
પ્રેમી પંખીજી પ્રેમ કુંજમાં પ્યારા...મળજો૦
આનંદ આનદ આજ અતિ મ્હારે
પ્રેમ અમૃત રસ રેલીએ પ્યારા— "

કિશોર–લોભાવી લાલને લેતી તું લલનારે
પ્યારી પંખિણી તેં પ્રેમબાણ માર્યા " મળજો૦

૧૪

ચપલા—ગેટ આઉટ ગમાર, ચલ લુચ્ચા ચમાર;
વ્યભીચાર કરનારને ધિક્કાર છે,
સીંહલજી—"આઇ એમ જેન્ટલમેન વૃથા બોલે છે વેણુ;
લાયબલ કેસ કોરટે જનાર છે...........ગેટ—
સુરત સુંદર છે, બંદા વીર નર છે, "
ચપલા—"શું શું તું નર છે ? નાના ખચ્ચર છે.
બુરા કામી કુકર્મી ધિક્કાર છે.
સીં૦—"બંદા તારા માથાના સરદાર છે"...ગેટ

કેશરીને તેનું સૈન્ય— ૧૫

હાં જંગી શેરો શત્રુને ચોતરફ ઘેરો
લશ્કરને આગળ ઘેરો ઘાલીને સંગ્રામે સર્વેને દળો
સમશેરો જોરદાર ચમકાવો તેજદાર
દુશ્મનનો કારભાર મીલાવો ખાકસાર—હાં જંગી૦
દેખાડો જોર દોર શત્રુઓ ઘોર ગોર
શરમાવી શત્રુ દોર જમાવો જંગી જોર—હાં જંગી૦

અંક પહેલો સમાપ્ત.

અંક બીજો.

ભાનુમતિ— ૧૬

ભયંકર ભવરણ ભીતિ પ્રદ ભાસે
રાજ નિવાસી થઈ હું વનવાસી
થાય શુન્ય આ હૃદય દુ:ખથી તવાઈ
વિધીયે દશા કીધી થયાં સુખ ન્યારાં
વિપત્તિઓ સહુ ક્યારે ટળે ?
જીવન ખારૂં લાગે પ્રિયજન વિણ હવે—

કનક— ૧૭

પ્રભુથી પ્રાપ્તિ સુખની જ્યાં ત્યાં પણ દુ:ખની ઘડી
વિવાહોત્સવ થતા જ્યાં ત્યાં જણાયે મૃત્યુની ઘડી
આવતી આફત વીર મરદ પર
નામરદો પર આફત ક્યાંથી ?
ખોટ ખરાબા સખીજન ઉપર
કંજુસ જન પર જહેમત ક્યાંથી ?
ગ્રહણ બને છે ચંદ્ર સુરજથી
તારલીઓની શકિતજ ક્યાંથી ?

પ્રજ્ઞા— ૧૮

રખડું રાતદીન રાન વિભુ દયા ધર
કિરતાર કૃપા કર
ભટકું ભયાનક ભવસરે ભૂધર દયા ધર—કિરતાર૦
છ માસનું સંતાન છે આ હાલ નજર ધર—કિરતાર૦

ભમું છું બ્હાવરી બની હું કંદરે કંદર—કિરતાર૦
મેળાવ મહારાજને મધવેશ માયાકર—કિરતાર૦

માનુ— ૧૯

મેળાવો કોઇ માયાળુ મારો લાલ,
બાલુડાને નીરખે નયન ક્યા ?
હાય કોને હું સુણાવું રે બુરા હાલ—મેળાવો
હિમ્મત હૈડે ના રહે, હૈયું ફાટી જાય,
આફત આ સ્હેતાં અરે, તનડું ત્રાસી જાય
ક્યાં શોધું ! ક્યાં પામું ! રે મારો લાલ—મેળાવો

કુંતલા— ૨૦

ઠીક કીધી ઠઠોલી પ્રાણ પ્યારા, નયનના તારા,
વારી જાઉં જીવન મુજ પ્રાણ,
શાણા શોખીલા શ્યામ મારા—ઠીક

કિશોર—"દીપકશી દીપતી દારા હું પતંગ પ્રાણી છું,
પ્રિયા તું બંસરી ને હું કુરંગ પ્રાણી છું."

કુંતલા—"નહિં જી નાથ તમે નરવર હું નારી છું.
પ્રભુસમ પ્રાણ તમે પામર હું નારી છું
વાહજી દીલદાર વાહ વાહ—

કિશોર—'મધુરી મુરલી તું હું પન્નગ પ્રાણી છું.
દેવીતું દેવીદાના હું મનુજ પ્રાણી છું."

કુંતલા—"પિયુ પોપટ તમે પ્રિય પ્રાણ શુકી નારી છું
દયાના દેવ તમે એ દેવની હું નારી છું"

કિશોર—"વાહજી ગુલજાર વાહવાહ—ઠીક

નાયકાઓ—   ૨૧

પિયરવાકી પ્યારી સ્વામી છબ ન્યારી ન્યારી ન્યારી
સુધ બુધ ખોકર ભઇ હું બાવરીયા
સાંવરે તોરી દેખકે સુરતીયાં
રંગીલે રસીલે મનહર તોરે નયન
દેખે બિન આવે નહિ મોહે સુખ ચયન
તલસાવે મોરા જીયા લલચાવે મોરા જીયા

કુળા—   ૨૨

જીવન વિશ્રામ લ્યો, એવી નકામી વાત વિસારી
કદી સુખ તો કદી દુઃખ છે, વિરંચીની કૃતિ ન્યારી
કુ૦-કળાપ્યારી પ્રિયા મારી ખરે ન્યારી કળા ત્હારી
મૃદુ મુર્તિ મનોહારી મને કીધો તેં આભારી
કળા૦-નબોલો નાથ એ વેણો ભવોભવની હું દાસી છું
પ્રભુ પ્રિય પ્રાણ મ્હારા આ પ્રભુની હું ઉપાસી છું

અંક બીજો સમાપ્ત.



અંક ત્રીજો.

કનક— ૨૩

પ્યારી પ્રમદાને પ્રભુજી બચાવોરે
સલુણી સતીને નહિ સતાવોરે—પ્યારી૦
ચંદ્રવદની ચારૂકાન્તિ ચતુરાને બચાવોરે
સુંદરી સુભગા સતિ અહ્ના ! પ્રિયપતિની છે અતિ
પ્યારી૦

સિંહ-ચપલા— ૨૪

ચાલો ચાલો રસીક રમાવર પુજું પાય તમારા
માનસ સરના રાજ હંસ થઈ મુક્તા ફળને ચરશો
દેવ હૃદય વસનારા મ્હારા—ચાલો૦
સીં૦-ધન્ય દીવસ છે આજ અમારો
ચ૦-પ્રેમી પતિ અબળાને તારો
સેવા સ્વીકારીને પાપ નિવારો
સીં૦-નીશદિન ચાહુ પ્રાણુ—ચાલો૦

કેશરી— ૨૫

આજ ગઇ વિપત્તિઓ વણુસાઇ
કર્મ ગતિ મ્હારી ન્યારી ન્યારી પ્યારી પ્યારી
છળ બળથી કીધીજ સવાઇ
ઉરની ઉમેદ પુરી કીધી કળબળમાં
કીર્તિ; દીપ્તી, શકિત, ને શ્રી મળ ગઇ અપાર
વિજયની વધાઇ—આજ૦

કુસુમ— ૨૬

દશા થઈ આ શી પ્રભુ મ્હારી
અલગ થઇ અલબેલી પ્યારી
કળા થઇ ગઈ શશીથી ન્યારી
થયો ક્રુર આમ વિધી શું કામ ?
વિધાતા તુજ કૃતિ છે ન્યારી થઇ ખ્વારી......દશા૦
જગધર જગહર તુંછે પાલક ટાલક સૌનો
મુજ પર કર દયા, વિભુવર કરતું મયા, દીનદાસ આ,
વિશ્વાસાર, વિશ્વાધાર, વિશ્વમાં વસી રહેનાર...દશા૦

ભાનુ— ૨૭

કયાં મળે પ્રાણ જીવન પ્યારા
ધરણીએ સુત કયાં છે મ્હારા
પ્રભુ ભકત વત્સલ કાં બિરદ ચુકો
થઈ ધર્મ ધુરંધર ધર્મ ચુકો
સ્વામી સુત મેળાવો મ્હારા—કયાં૦

કનક— ૨૮

જીવન પલટાઇ જાવાનું ખરે અંતે ખરી જાવું
એથી બહેતર છે આખર કે ભલાઇમાં મરી જાવું
કલેવર ખાકથી નિપજ્યું ખરેખર ખાક થાવાનું
વિરાગી રાગી કે ભોગી ભલા ભુંડાને જાવાનું
વૈરાગ્નિમાં પ્રજળવું એ ખરેખર હોળીમાં બળવું
ટીલી કાળી લઈ ફરવું ભલું એથી અધિક મરવું

૨૯

કુંતલા-' છોડો છોડો પિયુજી કર છોડો
શરમાવો ના ભોળીનાર
કિ૦-' અલબેલી રંગીલી તું છે પ્યારી "
કુ૦-" છે ન્યારી પ્રીત તમારી છોડોજી દીલદારી
વિલાસી, હુલાસી, લાલાજી, જાઓજી—છોડો-
કિ૦-" મીઠી મુર્તિ આ ત્હારી ઠસી ગઇ દીલમાં
વસી તન મનમાં "
કુ૦-" તન અતિ છલકાય મન મલકાય અંતર માંહ્ય
કંઇ કંઈ થાય, મદન વ્યથાય—છોડો૦

સીંહુલ ચપલા અને કિશોર કુંતલા ૩૦

થઇ ગઇ સઉની શાદી થાતી મટી બરબાદી
આતો બની આબાદી ઇચ્છા પુરી થઇ છે આજ
ઠીક જોડી મળી હાં પ્રણય કળી ખીલી
નાચો ગાવો આવો ધુમ મચાવો ને આપસમાં આજ

સર્વે— ૩૧

વિજય જય જય વિશ્વે વરત્યો
સુર્ય કુળ માર્તંડ પ્રગટ્યો
શ્રીપતિ શ્રીકાર કરજયો
કિરતાર, પાલનહાર, ગુણઆગાર, સૌ સુખ સારતું
તુંહીજયોતિ, તું વિભુતિ વિશ્વમુર્તિ પ્રાણપ્યારા
સર્વ સાક્ષી સૌથી ન્યારા——વિજય૦

शांन्तिः शांन्तिः शांन्तिः

જાહેર ખબર.

અમારી કંપનીના નીચલા નાટકોનાં ગાયનોની ચોપડી જ્યાં અમારો મુકામ હશે ત્યાંથી નીચલી કિંમતે રોકડ મંગાવ્યાથી મળશે.

ચોપડીનું નામ.	કિંમત.
બિલ્વમંગળ ઉર્ફે સુરદાસ	૦—૨—૦
શ્રી ભક્તિવિજય	૦—૨—૦
સુરેખા હરણ	૪—૨—૦
નાગર ભક્ત	૦—૨—૦
નીલમ માણેક	૦—૨—૦
મનહર—મેના	૦—૨—૦
યોગકન્યા	૦—૨—૦
મહાશ્વેતા—કાદમ્બરી	૦—૨—૦
રજની—ચંદ્ર	૦—૨—૦
જોહરે શમશીર	૦—૨—૦
શ્રી જયમતી	૦—૨—૦
માતૃપીતૃ ભક્ત પુંડરીક	૦—૨—૦
ઉર્વશી—પુરૂરવા	૦—૨—૦
રાથલ પદમણી	૦—૨—૦
જેસલતોરલ	૦—૨—૦
બીરબલ બાદશાહ	૦—૨—૦
ચંદ્ર પ્રભા	૦—૨—૦
પ્રવીણસાગર	૦—૨—૦
કનક—કેશરી	૦—૨—૦
પીપાભગત	૦—૨—૦
રાજલીલા	૦—૨—૦